અપીલ અરજી નં.૪૦૨ તા.૧૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જસવંતસિંહ એ.બ્રમહભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ.બ્રમહભટ્ટની તા. ૨૧–૦૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમારી તા. ૧૪–૦૨–૧૦ના રોજ આપેલ અરજી જે શ્રી કમિશ્નર કચેરીથી આપના ત્યાં આપેલ તે બાબતે તથા આપની કચેરી ધ્વારા જ અગાઉ આપેલ જવાબ બાબતે આજદિન સુધી થયેલ કાર્યવાહીની વિગતો નકલ સહિત માહિતી આપવી વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૨/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ.બ્રમહભટ્ટની તા. ૨૧–૦૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમારી તા. ૧૪–૦૨–૧૧ના રોજ આપેલ અરજી જે શ્રી કમિશ્નર કચેરીથી આપના ત્યાં આપેલ તે બાબતે તથા આપની કચેરી ધ્વારા જ અગાઉ આપેલ જવાબ બાબતે આજદિન સુધી થયેલ કાર્યવાહીની વિગતો નકલ સહિત માહિતી આપવી વિ. મુદ્દા નં.(૧) થી (૨)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ના પત્ર નં. નોર્થ ઝોન / આઉટ નં./ ૪૭૯૬ તા. ૧૨–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરનેતા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત–નોટીસની નકલો તથા જવાબદાર અધિકારી જો હોય તો તેની વિગતો સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૫ તા.૨૩–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલમાં તા. ૧૪–૦૨–૧૦ની રજૂઆત, જયારે અરજીમાં તા. ૧૪–૦૨–૧૧ની રજૂઆત જણાવેલ છે કઈ તારીખ સાચી ? તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩–૧૨–૧૧ નો પૂર્તતા પત્ર પાઠવેલ પત્રના પાછળના ભાગમાં પૂરક વિગત જણાવેલ છે.

અરજદારની તા.૨૧–૯–૧૧ ની અરજીથી તેમની તા.૧૪–૨–૧૧ ના રોજ કરેલ અરજી બાબતે કરેલ કાર્યવાહી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) અમારી તા. ૧૪–૦૨–૧૧ના રોજ આપેલ અરજી જે શ્રી કમિશ્નર કચેરીથી આપના ત્યાં આપેલ તે બાબતે તથા આપની કચેરી ધ્વારા જ અગાઉ આપેલ જવાબ બાબતે આજદિન સુધી થયેલ કાર્યવાહીની વિગતો નકલ સહિત માહિતી આપવી.મુદ્દા નં.(૨) અમારી અરજીની નકલ તથા આપે આપેલ જવાબ બંને નકલ આ સાથે સામેલ છે જે બાબતે થયેલ કાર્યવાહીની વિગતો આપવી તથા કાર્યવાહી ન થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની વિગતો આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આરટીઆઈ/આ.નં.૪૭૯૬ તા.૧૨–૧૦–૧૧ થી નોર્થઝોન(કતારગામ) માં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારો પૈકી મોજે અમરોલી ખાતે ગુજરાત શોપીંગ સેન્ટરની માર્જીનવાળી જગ્યામાં બનાવવામાં આવેલ પતરાના શેડ કતારગામઝોન કચેરીએથી દુર કરી જગ્યામાં ખુલ્લી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં તા.૧૪–૨–૧૦ તારીખ જણાવી વાસ્તવમાં તેમની પૂર્તતા અનુસાર ૧૪–૨–૧૧ પછી આપેલ નોટીસ, મનાઈ હુકમ, કારણ દર્શક નોટીસ ,ડીમોલીશન માટેની એન્ટ્રી નોટીસ વિગરેની તારીખ પતરાના શેડ કરવા તારીખ સહિતની માહિતી ન મળવાના કારણે નારાજ થઈ તા.૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહીની નકલો પૂરી પડાયેલ જણાતી નથી આથી સદર કાર્યવાહી બાબતે જો દફતરે ઉપલબ્ધ જો કોઈ નકલ, નોંધ, પેપર્સ હોય તો તેની નકલ સહિત દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૯–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વિગત પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ કાર્યવાહીને લગતી નકલો તથા કાર્યવાહીની તારીખ સહિતની માહિતી દફતરે ઉપલબ્ધ હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ